# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2022** **Midday : 2.30 to 2.35**
**Day:-Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા )

# GUJARAT- ELECTION CAMPAIGN

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચુંટણી આડે હવે માંડ અઠવાડિયું બાકી છે ત્યારે જાહેર ચૂંટણી પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યો છે. પ્રથમ તબક્કાની 89 બેઠકો માટે પહેલી ડિસેમ્બરે મતદાનને હવે માત્ર છ દિવસ બાકી છે.

પ્રથમ તબક્કાના મતદાન માટે બંને મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ સહિત 39 રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો ઉભા રાખ્યા છે. આ તબક્કા માટે 7 88 ઉમેદવારો મેદાનમાં છે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના તમામ 89 બેઠકો પર ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે આમ આદમી પાર્ટીના 88 ઉમેદવારો છે.

આ સિવાય બહુજન સમાજ પાર્ટીના 57, માર્ક્સવાદી પાર્ટીના ચાર, અને સામ્યવાદી પાર્ટીના બે ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં 70 મહિલાઓ સહિત 339 અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે નવ મહિલા, કોંગ્રેસે છ, આમ આદમી પાર્ટીએ પાંચ અને બહુજન સમાજ પાર્ટીએ આઠ મહિલાઓને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે.

આ ઉપરાંત 35 મહિલાઓ અપક્ષ તરીકે ચૂંટણી લડી રહી છે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના 19 જિલ્લાઓમાં મતદાન થવાનું છે.

કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પૂર્વે ગઠબંધન કર્યું છે. ભાજપના અગ્રણી ઉમેદવારોમાં ભૂપેન્દ્ર પટેલ, રિવાબા જાડેજા, હૃષિકેશ પટેલ, જીતુ વાઘાણી, હર્ષ સંઘવી, કનુ દેસાઈ, કિરીટસિંહ રાણા, પૂર્ણેશ મોદી, હાર્દિક પટેલ વગેરે છે..

તો કોંગ્રેસના ઉમેદવારોમાં અર્જુન મોઢવાડિયા, ભરત વી. સોલંકી, જિજ્ઞેશ મેવાણી, કનુભાઈ કળસરિયા, અને આમ આદમી પાર્ટીએ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠિયા, અલ્પેશ કથીરિયા વગેરેને મેદાનમાં ઉતાર્યા છે.

તમામ રાજકીય પક્ષો પોતાની જીતના દાવા કરી રહ્યા છે ત્યારે જનતા કોની તરફેણમાં મતદાન કરે છે તે તો આઠમી ડિસેમ્બરે આવનારા પરિણામોમાં જ ખબર પડશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મતગણતરી એક સાથે જ થવાની છે.

-----------------

# ELECTION CAMPAIGN OF BJP

ભાજપ નેતા અને કેન્દ્રના ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતના ચૂંટણી પ્રવાસે અને પાંચ સ્થળે તેમની પ્રચાર સભા યોજાઈ છે.

નડિયાદના આડિનાર ગામે આજની પહેલી સભા સંબોધતા ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહે મતદારોને અપીલ કરી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા માટે તેઓ ભાજપ ઉમેદવારને જીતાડે. ભાજપના શાસનમાં કાયદો અને વ્યવસ્થાનું સ્તર બહેતર બન્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ચૂંટણી સમયે મતદાર ભ્રમિત થાય તેવા પ્રલોભન આપી રહેલા પક્ષોથી મતદારોએ ચેતવું જોઈએ અને વચન પ્રમાણે વિકાસ કરી બતાવનાર ભાજપનો ભરોસો કરવો જોઈએ.

ભાજપના સ્ટાર પ્રચારક એવા કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાની વલસાડ જિલ્લામાં, તો ધર્મેન્દ્ર પ્રધાન સુરત જિલ્લામાં ચૂંટણી પ્રચાર માટે પહોંચી રહ્યા છે. કેન્દ્રિય મંત્રી પરસોતમ રૂપાલા આજે ડાંગનો ચૂંટણી પ્રવાસ કરી રહ્યા છે.

-----------------

# BHAVNAGAR-BJP

**આવનારી વિધાનસભા ચૂંટણી સંદર્ભે ભાજપના રાષ્ટ્રી. ય દિગ્ગજો આવતીકાલે ભાવનગર પહોંચી રહ્યા છે. ગૃહમંત્રી અમિત શાહે તળાજા તથા**

**મહુવા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગારિયાધારમાં સભા સંબોધશે. જિલ્લા અને તાલુકાના કાર્યકર્તાઓ ભારે જોમ સાથે આ ચૂંટણી પ્રચાર સભાના આયોજનમાં જોડાયા છે.**

--------------------------

## CONGRESS

વિધાનસભા ચૂંટણીના પ્રચારના ભાગરૂપે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સંસદસભ્ય શક્તિસિંહ ગોહિલે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી હતી. શ્રી ગોહિલે કોવિડ 19 વ્યવસ્થાપનમાં થયેલી ગેરરીતી અંગે ભાજપ સરકાર પર ટીકા કરી હતી. શ્રી ગોહિલે ભાજપની નીતિઓ આદિવાસી વિરોધી હોવાનું પણ જણાવ્યું હતું.

દરમ્યાન અન્ય એક સંયુક્ત પત્રકાર પરિષદમાં કોંગ્રેસના રાષ્ટ્રીનુય પ્રવક્તા આલોક શર્મા અને પક્ષના નેતા રાજીવ શુક્લાએ કહ્યું કે કોંગ્રેસની સરકારમાં મોંઘવારી, તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કાબુમાં હતી, અને રોજગાર સર્જન આર્થિક પ્રગતિમાં કોંગ્રેસે દેશમાં વિક્રમજનક કામગીરી કરી હતી. તેમણે નવા ગુજરાતના નિર્માણ માટે કોંગ્રેસને સાથ આપવા જનતાને અનુરોધ કર્યો હતો.

-----------------

## SIDE SEAT PROFILE

વિધાનસભાની ભુજ બેઠક હેઠળ અનેક સરહદી ગામડા અને પશુપાલન માટે પ્રખ્યાત બન્ની પચ્છમ પ્રદેશ આવે છે. ભુજ બેઠક ઉપર દસ ઉમેદવાર

જંગમાં છે. ભાજપના ઉમેદવાર કેશુભાઈ પટેલની સામે કોંગ્રેસના અરજણ ભુડીયા અને આમ આદમી પાર્ટીના રાજેશ પિંડોરીયા તથા બહુજન સમાજ પાર્ટી, રાઈટ ટુ રિકોલ પાર્ટી , પ્રજા વિજય પક્ષ અને ઇન્ડિયન મજલીસ ઉપરાંત 3 અપક્ષ ઉમેદવારો ઊભા રહ્યા છે.

આ વિસ્તારમાં 2 લાખ 90 હજારથી વધુ મતદારો દસ ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો કરશે. આ બેઠક ઉપર મહિલા મતદારની સંખ્યા 1 લાખ 43 હજાર જેટલી છે. ભુજ બેઠક માટે 302 મતદાન મથક ઊભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------